દાંતીવાડા તાલુકામાં વાવાઝોડા અને વરસાદથી ભારે નુકશાન

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતાવાડા, તા. ૧૬

દાંતીવાડા તાલુકા સહિત આસપાસના વિસ્તારમાં ગત મોડી સાંજે ભારે પવન અને વાવાઝોડા સાથે મેઘરાજા મનમુકીને વરસ્યો હતો અને ભારે વરસાદ અને વાવાઝોડાના પગલે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશય થયાના અને ઘરોના પતરા પણ ઉડી જવાના બનાવો બન્યા હતા. વૃક્ષો ધરાશાય થતા જાહેર માર્ગો પર ટ્રાફિક જામના દેશ્યો પણ સર્જાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકા સહિત આસપાસના ગામોમાં ગત મોડી સાંજે ભારે ઉકળાટ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. દાંતીવાડા કોલોનીથી નજીકના અનેક વિસ્તારમાં ગાજવીજ અને વાવાઝોડા સાથે ભારે વરસાદ ખાબક્યો હતો અને વાવાઝોડાના પગલે ઠેક ઠેકાણે વૃક્ષો પડી જવાના અને ઘરોના પતરા ઉડી જવાના બનાવો પણ બનવા પામ્યા હતા. દાંતીવાડા કોલોનીથી લોડપા બસ સ્ટેન્ડ પાસે વૃક્ષ ધરાશાય થતા જાહેર માર્ગ કલાકો સુધી બંધ રહેતા મોટા ભાગનો વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો. જ્યારે ઝાડની પાસે પાર્ક કરેલી એક મારૂતિ કારની ઉપર ઝાડ પડતા કારને નુકસાન થવા પામ્યુ હતુ અને આવાવાઝોડાથી રાવળવાસ ગામની પ્રાથમિક શાળાના મકાનના ધાબાની છત તુટી મોટુ ગાબડુ પડ્યુ હતુ. વાવાઝોડાથી તાલુકા વિસ્તારની આસપાસ પાણી ભરાઈ જવાના અને નુકશાન થવા પામ્યુ હતું.

બુઢિયા ગામે દશામા મંદિરે પાટોત્સવ યોજાયો

વડાલી, તા. ૧૬

ઈડર તાલુકાના બુઢિયા ગામે સ્થિત દશામાં મંદિરે તાજેતરમાં સતત ૧૨મો પાટોત્સવ ભારે ધામધૂમપૂર્વક યોજાયો હતો. જેમાં ૮ દંપતીએ પૂજા અર્ચનાનો લાભ લીધો હતો.

ઈડરના બુઢિયા ગામે આવેલ દશામાં મંદિરે તાજેતરમાં દિવાબેન પુંજીરામ પટેલના મુખ્ય યજમાન પદે ૧૨મો પાટોત્સવ ભારે હર્ષોલ્લાસપૂર્વક યોજાયો હતો. આ સમગ્ર પાટોત્સવ કર્મકાંડી જનકભાઈ શાસ્ત્રીના આચાર્ય પદે ધાર્મિક પ્રસંગે યોજાયો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પાટોત્સવમાં ભાગ લઈ મહાઆરતી સ્તુતિ, પ્રાર્થના અને પૂજા અર્ચનાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

હિંમતનગરમાં મિલકત વેરો નહિ ભરતા દુકાનો સીલ

સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરમાં નગરપાલિકા વિસ્તારમાં દુકાનો ઓફીસોનો મિલકત વેરો બાકી હોવાથી નોટિસો નગર પાલિકાએ પાઠવી હતી. મુદ્દત વીત્યા બાદ કોઈ વસૂલાતમાં નગરપાલિકાના ચીફ ઓફીસર અજય પ્રકાશે દુકાનોને સીલ લગાવેલ હતા, મટન માર્કેટ તેમજ અન્ય દુકાનોનો સ્થળ પર મિલકત પેટે વસૂલ કરવામાં આવેલ હતો. આગામી દિવસોમાં વસૂલાત તેજ બનાવવામાં આવશે.

જવાનપુરાની મહિલાનું ઝેરી જનાવર કરડતા મોત

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જવાનપુર ગામની એક મહિલાને ઝેરી જનાવર કરડતા તેનું હિંમતનગર સિવિલમાં રવિવારે સારવાર દરમિયાન મોત થયું હતું.

વિગત મુજબ જવાનપુરા ગામની ૩૧ વર્ષીય મહિલા લીલાબેન બાબુભાઈ સોલંકીને કોઈ ઝેરી જનાવર કરડતા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા જયાં તેમનું સારવાર દરમિયાન સાંજના સુમારે મોત નિપજયું હતું. આ અંગે સિવિલના ડોકટર રીટા સિન્હાએ ગાંભોઈ પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એચ.આર. ગારડી શાળાનું ગૌરવ

વડાલી, તા.૧૬

ઈડર તાલુકાના ઉમેદપુરા ખાતે આવેલી એચ.આર. ગારડી શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામે સ્થિત એચ.આર. ગારડી શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કાવા કેન્દ્રમાંથી ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કર્યા છે. પરિણામે કાવા કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જયારે એચ.આર. ગારડી શાળાના ૮ વિદ્યાર્થીઓએ ૮૦ ટકા ઉપર, ૩૦ વિદ્યાર્થીએ ૭૦ ટકા ગુણ મેળવી શાળા તેમજ ગામનું ગૌરવ વધાર્યું છે. શાળાનું ગૌરવ વધારવા બદલ પ્રમુખ કાન્તિભાઈ પટેલ, આચાર્ય સુરેશભાઈ પટેલ સહિત શાળા પરિવાર, ભાજપના અગ્રણી અનિલભાઈ પટેલ, જનકભાઈ શાસ્ત્રી અને ભીખાભાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના ભિલોડામાં દોઢ ઈંચ વરસાદ : ચાર પશુના મોત

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ભિલોડામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને વાવાઝોડા સાથે પડેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં અને માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. વાવાઝોડા અને વીજળી પડવાથી ચાર પશુઓના મોત અને ૮ થી વધુ વીજ ઉપકરણો બળી ગયા હતા.

જિલ્લાના તેર તાલુકા પૈકી ૧૨ તાલુકામાં વરસાદ પડયો હતો જયારે એક તાલુકો કોરો રહ્યો હતો. હિંમતનગર ખાતે આવેલા જિલ્લા ડિઝાસ્ટર કચેરીથી મળેલા શનિવારે સવારથી રવિવાર સવાર સુધીના છેલ્લા ૨૪ કલાકમાં પડેલ વરસાદના આંકડા મુજબ હિંમતનગરમાં ૧૨ મીમી, ઈડરમાં ૨૩ મીમી, વડાલીમાં ૧૦ મીમી, ખેડબ્રહ્મામાં ૧૪ મીમી, ભિલોડામાં ૩૬ મીમી, વિજયનગરમાં ૨ મીમી, મોડાસામાં ૨૨ મીમી, મેઘરજમાં ૭ મીમી, ધનસુરામાં ૭ મીમી, બાયડમાં ૨૫ મીમી, પ્રાંતિજમાં ૧૦ મીમી, તલોદમાં ૨૧ મીમી વરસાદ નોંધાયો હતો.

જયારે માલપુર તાલુકો કોરો રહ્યો હતો. જયારે શનિવારે મોડી સાંજે ભારે પવન અને વાવોઝોડાને કારણે મોડાસાના જાલોદર ગામે ડાહ્યાભાઈ મોહનભાઈ પુંજારાના ઘર નજીક છાપરું પડી જવાથી એક ગાય અને એક રેલ્લીના મોત નીપજયા હતા જયારે ભારે કડાકાસાથે શનિવારે રાત્રિના હિંમતનગરના નવા ગામની સીમમાં વીજળી પડવાથી એક ભેંસ અને એક પાડીનું મોત નિપજયું હતું અને આજુબાજુના ઘરોમાં ૬ ટીવી અને ફ્રીઝ સહીત ૮ થી વધુ વીજ ઉપકરણો બળી ગયા હતા.

રાજ્યમાં પાણીનો અસમાન જથ્થો ઉપલબ્ધ છે : હેવાલ

સૌરાષ્ટ્ર-કચ્છમાં ૭૦ ટકા જમીનમાં ૩૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૦ ટકા જમીન વિસ્તાર સાથે ૭૦ ટકા પાણી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં પાણીનો જેજથ્થો ઉપલબ્ધ છે તે ઘણોઅસમાન છે. દક્ષિણ ગુજરાતના કુલ ૩૦ ટકા જમીન વિસ્તારની સામે ઉપલબ્ધ ૭૦ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના રાજયના કુલ ૩૦ ટકા જમીન વિસ્તરમાં ૭૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. પાણીના આ અસમાન જથ્થાને દૂર કરવા પાણી પુરવઠા બોર્ડે સમયબદ્ધ આયોજન કર્યુ હોવાનું બોર્ડના સભ્યસચિવ મહેશસિંઘે જણાવ્યું છે.

પાણીની આ અસમાનતા દુર કરવા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ૨૬૫૦ કિલોમીટર લાંબી બલ્ક પાઈપલાઈન અને ૧૨૦૭૬૯ કિમી. લાંબી પાણી વિતરણની લાઈન બિછાવી છે અને નર્મદાનું નીર સૌરાષ્ટ્ર-કચ્છમાં ઉંડાણ વિસ્તારોમાં આવેલ ગ્રામજનોને પુરુ પાડવામાં આવી રહ્યું છે પાણી પુરવઠાબોર્ડની આ સફળ કામગીરીથી આજે નર્મદામાં નીર છેક કચ્છ સુધી પહોંચી ગયા છે અને ગ્રામજનો તેમજ મુંગા પશુઓ માટે આશીર્વાદરૂપ બની રહયા છે.

મહેશસિંઘે વધુમાં ઉમેર્યું હતુ કે આજે આ પાઈપલાઈન મારફત ૧૧૩૦૭ગામો અને ૧૩૧ શહેરોને પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે અને બાકીના ૭૦૦૦ કરતા પણ વધુ ગામોને વિવિધ જૂથ પાણીપુરવઠા યોજના હેઠળ પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતુ કે ગુજરાતમાં નાની મોટી ૧૮પનદીઓ છે. તેમાંથી માત્ર ૭કેટ નદીઓમાં કાયમ પાણી રહે છે. બાકીની બધી નદીઓ માત્ર ચોમાસામાં જ પાણી હોય છે. આવી પરિસ્થિતિમાં ગુજરાતમાં જળ વ્યવસ્થાપન જરૂરી બન્યું છે. ચેકડેમો અને ખેત તલાવડીઓ દ્વારા રાજયમાં જળ વ્યવસ્થાપનની નોંધપાત્ર કામગીરી થઈ રહી છે.

ધારાસભ્ય જગરૂપસિંહને ધમકી આપનારો ઝડપાયો

અમદાવાદ,તા.૧૬

બાપુનગરનાં ધારાસભ્ય જગરૂપસિંહ રાજપુતને ધમકી આપનાર શખ્સને કર્ણાટકનાં વિજાપુર ગામેથી ઝડપી લેવાયો છે. છેલ્લા પાંચ દિવસથી રૂા. ૧૦ લાખની ખંડણીની રકમની માંગણી કરી ધમકી આપનાર આ શખ્સ કર્ણાટકનો રહેવાસી છે અને માત્ર મજાક માટે ફોન કરતો હોવાનું જાણવા મળ્યું છે. જગરૂપસિંહને છેલ્લા થોડા દિવસથી એક ધમકી ભર્યો કોલ મળતો હતો જે મને ૧૦ લાખ રૂપિયાની ખંડણીની માંગ કરતો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જેના પગલે તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસે તેમના આ કોલને ટ્રેસ કરવાનું શરૂ કર્યુ હતું. જેમાં સૌપ્રથમ ગોરગાંવ આ કોલને ટ્રેસ કર્યો હતો. ત્યારબાદ ત્યાની સ્થાનિક પોલીસને જાણ કરાતા પોલીસે કર્ણાટકનાં બેજપુર ગામના મહેશ અંબારે (ઉ.૨૩) નામના યુવકને ઝડપી પાડ્યો હતો. સૂત્રોનાં જણાવ્યા મુજબઆ યુવક થોડો માનસિક રીતે અસ્થિર છે અને અવારનવાર આ રીતે લોકોને ફોન કરીને હેરાન કરતો હતો. જગરૂપસિંહ આ અંગે યુવક વિરૂદ્ધ કોઈ ફરિયાદ નોંધાવવાનું જણાવ્યું હતું.

ચિત્રોડા ગામે મહિલાના ગળામાંથી દોરાની ચીલ ઝડપ

હિંમતનગર, તા.૧૬

પ્રજા હવે જાગૃત થઈ ગઈ છે અને લુંટ અને તડફંચીના બનાવને કારણે મહીલાઓ પણ સાચા દાગીના પહેરતી નથી તે સાર્થક થતો એક બનાવ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચિત્રોડા ખાતે શનિવારે વહેલી સવારે બન્યો હતો અને આ બનાવમાં મહિલા જાગૃતિને કારણે લુંટારુંઓ છેતરાયા હતા. બનાવની વિગત એવી છે કે ચિત્રોડા ખાતે રહેતા હસમુખભાઈ તળશીભાઈ પટેલના માતા વજીબેન અને પિતા તળશીભાઈ બંને મકાનની બહાર ચોપાડમાં મીઠી નીંદર માણી રહ્યા હતા ત્યારે બે અજાણ્યા લુંટારુંઓ વજીબેનના ગળામાંથી પીળા ધાતુનો (નકલી) રૂ. ૫૦નો દોરો તોડયો હતો અને ત્યારબાદ કાનની બુટ્ટી કાઢવા જતા વજીબેને બુમાબુમ કરતા બાજુમાં સુઈ રહેલ તળશીભાઈ જાગી ગયા હતા અને બચાવવા કોશિશ કરતા લુંટારુંઓએ તળશીભાઈને જડબાના ભાગે પત્થર મારી ઈજાઓ કરી છુટા પત્થરો મારી લુંટ કરી નાસી ગયા હતા. બનાવ અંગે જાદર પોલીસ મથકે શનિવારે સાંજે હસમુખભાઈ તળશીભાઈ પટેલને ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના માર્કેટયાર્ડમાં બે દુકાનોના શટર તુટ્યા

હિંમતનગર,તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરના માર્કેટયાર્ડમાં શનિવારે રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકીને બે દુકાનના શટર તોડીને અંદાજે ૩૦ હજાર રોકડની ચોરી કરી લઈ જતા રવિવારે સવારે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર માર્કેટયાર્ડમાં નજીરએહમદ અબ્દુલ રહેમાનની આવેલ દુકાન નંબર-૩૪ આર.જે. કોર્પોરેશન અને રશીદભાઈ ડોડીયા ૩૬ નંબરની ડોડીયા કોર્પોરેશન નામની દુકાનમાં શનિવારે રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકીને પ્રથમ માર્કેટયાર્ડ સેફટી માટે લગાવેલ સીસીટીવી કેમેરા તોડી નાખ્યા બાદ આરજે કોર્પોરેશન નામની દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કરી કાચ તોડી અંદરની તિજોરી તોડી અંદરથી રોકડ ૩૦ હજારથી વધુની મત્તાની ચોરી કર્યા બાદ બાજુમાં આવેલ ડોડીયા કોર્પોરેશન નામની દુકાનનું પણ શટર તોડી અંદર તિજોરી તોડી પરંતુ કાઈ હાથ ન લાગતા નાસી ગયા હતા. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે રવિવારે સવારે આરજે કોર્પોરેશનના નજીરએહમદ અબ્દુલ રહેમાન મોડાસીયાએ જાણ કરતા પોલીસે આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પુત્રીનાં પ્રેમીની હત્યા કેસમાં પિતા-પુત્રની ધરપકડ કરાઈ

આરોપીઓએ યુવકને દારૂ પિવડાવી તિક્ષ્ણ હથિયારનાં ઘા મારી લાશને મહિસાગર નદીમાં ફેંકી દીધી હતી

અમદાવાદ,તા.૧૬

સાબરકાંઠા જિલ્લાનાં માલપુર તાલુકાનાં લાલજીનાં પહાડીયા ગામે યુવકની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી લાશને નદીમાં ફેંકી હત્યા કરનાર પિતા-પુત્રને અમદાવાદ શહેર ક્રાઈમબ્રાંચે ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં આરોપીની પુત્રીનું મૃતકની સાથે પ્રેમ સંબંધ હોવાને કારણે તેની અદાવત રાખી તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી લાશને મહિસાગર નદીમાં ફેંકી દીધી હતી.

પોલીસે બાતમીનાં આધારે નાસતા ફરતા બંને આરોપીઓને અમદાવાદના અસારવા વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને આરોપીઓને લુણાવાડા પોલીસને સોંપી તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે મોડાસા શહેરમાં કિશોરસિંહ રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે. કિશોરસિંહનાં પરિવારમાં તેમની પત્ની તેમજ બે પુત્રો છે. તેમનો મોટો પુત્ર પુષ્પેન્દ્રસિંહનાં ત્રણ વર્ષ પહેલા નયના નામની યુવતી સાથે લગ્ન થયા હતા. પુષ્પેન્દ્રસિંહ એક કંપનીમાં રિકવરી એજન્ટ તરીકે કામ કરતો હતો. રિકવરીનાં કામથી પુષ્પેન્દ્ર અવાર-નવાર લાલજીનાં પહાડીયા ગામે જતો હતો, તે દરમિયાનમાં તેને ગામનાં સરપંચની પુત્રી સીમા (નામ બદલેલ છે) સાથે પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો.

આ પ્રેમ સંબંધની જાણ તેના પિતા કાંતિભાઈ પટેલને થઈ હતી, જેની અદાવત રાખી કાંતિભાઈ તેમજ તેના પુત્ર અંકિત કાંતિભાઈ પટેલે બીજા મિત્રો થકી પુષ્પેન્દ્રને દારૂ પિવડાવ્યો હતો અને ત્યારબાદ તિક્ષ્ણ હથિયાર વડે ઘા મારી તેની હત્યા કરી લાશને મહિસાગર નદીમાં ફેંકી દીધી હતી. બીજી તરફ પુષ્પેન્દ્રનાં પિતાએ તેના પુત્રનાં ગુમ થવાની ફરિયાદ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી, તે દરમિયાનમાં શહેર ક્રાઈમબ્રાંચે બાતમીનાં આધારે કાંતિભાઈ પટેલ અને અંકિત પટેલની શહેરનાં અસારવા વિસ્તારમાંથી બંનેની ધરપકડ કરી હતી. પોલીસે આ અંગે લુણાવાડા પોલીસને જાણ કરી બંને આરોપીઓને સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

રાણીપનાં કોર્પોરેટર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

શહેરનાં રાણીપ વિસ્તારનાં કોર્પોરેટર યોગેશ પટેલ વિરૂદ્ધ ધાક-ધમકી આપી જાનથી મારી નાંખવાની તેમજ રસ્તામાં અડચણ ઉભી કરવા બદલ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. યોગેશ પટેલે રાણીપ વિસ્તારની એક સોસાયટીમાં બાંધકામ કર્યો હોવાથી ગેટ બંધ થવાનાં કારણે સોસાયટીનાં રહિશે યોગેશ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

શહેરનાં રાણીપ વિસ્તારનાં કોર્પોરેટર યોગેશ કાંતિલાલ પટેલ (રહે. દેવમંદિર સોસા., રાણીપ)એ રાણીપની પ્રભાત જ્યોત સોસાયટીમાં જમીન લઈ બાંધકામ શરૂ કરવાનું હતું જેથી સોસાયટીનાં મેઈન રસ્તો બંધ થઈ જવાથી ગેટ બંધ થઈ જતો હતો, જેથી સોસાયટીનાં રહીશ શિવલાલ રેવનદાસ રાવતે વિરોધ કર્યો હતો.

હિંમતનગરનો કિશોર ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશીપમાં ઝળક્યો

હિંમતનગર, તા. ૧૬

હિમાચલપ્રદેશના ધર્મશાલા ખાતે ૧લી જૂન-૨૦૧૩ના રોજ શીતોરીયું સ્કૂલ ઓફ કરાટે દ્વારા યોજાયેલ ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૩માં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના અયુબભાઈ મેમણના પુત્ર ઐયાન મેમણ આ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને બે બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર સમાજનું ગૌરવ વધાર્યું છે ઐયાન મેમણને થરાદી મેમણ ફેડરેશનના ચેરમેન ડૉ. એ.એ. મેમણ, જાનુભાઈ લાકડીવાળા, સાબરકાંઠા જિલ્લા કરાટે એસોસીએશનના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ અને કોચ જુજારસિંહ વાઘેલાએ ગૌરવને બિરદાવ્યું હતું.

લુંટારૂઓએ વૃદ્ધની પૈસા ભરેલી બેગ લૂંટી લીધી

અમદાવાદ,તા.૧૬

શહેરનાં ગાંધી આશ્રમ પાસેથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ વૃદ્ધની પૈસા ભરેલી બેગ ઝુંટવીને નાસી છુટ્યા હતા. વૃદ્ધએ આ અંગે રાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘટનાની મળતી માહિતી મુજબ શહેરનાં મોટેરા વિસ્તારમાં આવેલા શ્રદ્ધા બંગ્લોઝમાં વિમલ ભાઈ શાહ (ઉ.૬૫) પોતાના પરિવાર સાથે રહે છે. વિમલભાઈ શનિવાર રાત્રે ગાંધી આશ્રમ પાસે આવેલી સિલ્વર ક્લાઉડ હોટલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાનમાં એક બાઈક પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતા અને વિમાલભાઈને રોકી તેમના હાથમાં રહેલી બેગને ઝુંટવીને નાસી છુટ્યા હતા.

આરોપીઓએ બેગમાં રહેલા ૧૭,૦૦૦ રૂપિયા રોકડા, ત્રણ હજારનું સોનાનું પેન્ડલ તેમજ નોકિયા કંપનીનો મોબાઈલ મળી કુલ રૂપિયા ૨૪,૦૦૦ની મત્તા લુંટી નાસી છુટ્યા હતા. આ અંગે વિમલભાઈએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

કંપની સમાચાર

દેશમાં સૌ પ્રથમ વાર અતિશય મેદસ્વીતાની સારવારમાં થ્રીડી લેપ્રોસ્કોપીનો ઉપયોગ કરતું એશિયન બેરિઆટ્રીક્સ

એશિયન બેરિઆટ્રીક્સના પ્રસિદ્ધ બેરિઆટ્રીક સર્જન ડૉ. મહેન્દ્ર નારવરીયા, ડૉ. મનીષ ખૈતાન અને ડૉ. સંજય પાટોલીયાએ થ્રીડી લેપ્રોસ્કોપીક ટેકનિકસનો ઉપયોગ કરીને અતિશય મેદસ્વીતાના દર્દીઓને વધુ કાર્યક્ષમ સારવાર આપવા જર્મનીની એસક્યુલેપ એકેડેમી સાથે સમજૂતીના કરાર કર્યા છે, આ કરાર તેમને વજન ઘટાડવાની અદ્યત સર્જરીની તાલીમ આપવા માટે માન્યતા આપશે.

એક વિશિષ્ટ પ્રકારનું થ્રીડી લેપ્રોસ્કોપીક મશીન ઓપરેશન કરતા સર્જન્સને શરીરની અંદરના ઉંડાણ એ વિગતોનો ખ્યાલ આવશે, જેથી આંક અને હાથનું બહેતર સંકલન થતાં ઓપરેશન આસાનીથી થઈ શકશે. દર્દીઓને લાભ થવા ઉપરાંત થ્રીડી લેપ્રોસ્કોપીક ટેકનોલોજી સર્જન્સને તાલીમ આપવાનું પણ આસાન બનાવશે. ઈમેજની સ્પષ્ટતા તાલીમાર્થીઓને એડવાન્સ્ડ બેરિઆટ્રીક સર્જનીની તાલીમ આપી ચૂક્યું છે. થ્રીડી લેપ્રોસ્કોપીક ટેકનિક્સનો ઉપયોગ કરવાનો અન્ય લાભ એ છે કે તેમાં ઝડપથી સાજા થવાનો સમય ઘટે છે અને દર્દીને દર્દ પણ ઓછું થાય છે, આ ઉપરાંત ડૉકટરોને નાજૂક પડ અલગ કરવામાં તથા નીડલ્સ વગેરેનાં પોઝીશનીંગમાં ખૂબ જ ચોકસાઈ રહે છે.